# નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ચ-3 સર્કલ, સેંટ ઝેવિયર્સ સ્કુલની સામે, સેકટર નં. ૧૦/એ, ગાંધીનગર -૩૮૨૦૧૦

ફોન: ૦૭૯-૨૩૨૫૪૪૫૦ ફેકસ: ૦૭૯-૨૩૨૫૪૧૪૧

ક્રમાંક: નરયો નં. ૮૮ (વરિયાવ)/કલમ ૪૧(૧)/હદ પરામર્શ/૨૯૯૨ તા. ૨૭/૭/૨૦૨૨

પ્રતિ,
કમિશ્નરશ્રી
સુરત મહાનગરપાલિકા,
સુરત.

MC/SMC 01/08/2022 DMC AEshri Ankit Bedai 4/8/22 TPO (J) 03-8-2022 DTP(RJ) 02.8.2022

મધ્યસ્થ કચેરી 30 JUL 2022 ક્રમ નંબર 9/1/577

વિષય:- ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ સુરત મહાનગરપાલિકામાં મોજે.વરિયાવ વિસ્તારની સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં ૮૮ (વરિયાવ) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને અનુમોદન આપવા બાબત

સંદર્ભ:- ૧. આપશ્રીના તા.૨૪/૦૫/૨૦૨૨ ના પત્ર નં.ટીપીડી/આ/૯૨૮.
૨. અત્રેની કચેરીનાં પત્ર તા.૧૭/૦૬/૨૦૨૨ પત્રક્રમાંક નંબર.દ.ગુ/ એસએમસી/ ૪૧(૧)/ નરયો નં. ૮૮ (વરિયાવ) /૨૩૯૭.
૩. આપશ્રીના તા.૧૪/૦૭/૨૦૨૨ ના પત્ર નં.ટીપીડી/આ/૧૭૫૨.

ઈનવર્ડ નં. ૪૯૫
ટી.પી.ડી. ડે. કમિ.શ્રી
તારીખ 03/08/2022

શ્રીમાન,

ઉપરોકત વિષયાન્વયે સંદર્ભ (૧) હેઠળના પત્ર થી સુચિત નગર રચના યોજના નં.૮૮ (વરિયાવ) ની હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ- ૪૧(૧) હેઠળ પરામર્શ મેળવવા દરખાસ્ત અત્રેને પાઠવેલ છે. જે અન્વયે અત્રેના સંદર્ભ (૨) હેઠળના પત્રથી માંગેલ પુર્તતા બાબતે આપશ્રી દવારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી જરૂરી સ્પષ્ટતા/પુર્તતા કરેલ છે. આમ ઉપરોક્ત વિગતો ધ્યાને લેતા, નીચે જણાવેલ શરતોને આધીન હદ પરામર્શ આપવામાં આવે છે.

1. સૂચિત મુ.ન.ર.યો ની લાગુમાં આવતી નગર રચના યોજનાની હદો સુસંગત થાય તે મુજબ ચકાસણી કરી હદ સૂચવવાની રહેશે અને હદ ફેર થતો હોય તો અત્રેનો પુન:પરામર્શ મેળવવાનો રહેશે.
2. સૂચિત નગર રચના યોજનામાં આવતાં હયાત તળાવ તેમજ જળપ્રવાહને યથાવત જાળવવાનાં રહેશે તેમજ તેનાં મૂળખંડમાં જ અંતિમખંડ ફાળવવાનો રહેશે .
3. સૂચિત નગર રચના યોજનામાંથી પસાર થતાં વિકાસ યોજનાનાં રસ્તા તેમજ વર્ગીકૃત રસ્તાઓ યથાવત જાળવવાનાં રહેશે.
4. સુચિત યોજનાને લાગુમાં આવેલ વિકાસ યોજનાનાં તેમજ નગર રચના યોજનાની રસ્તારેષાની અધિકૃત પુરાવાઓ સાથે ચોક્સાઇ પુર્વક ચકાસણી કરી તેની સાતત્યતા જળવાઇ રહે તે મુજબ આયોજન કરવાનું રહેશે. તેમજ સદર યોજનામાં સમાવેશ થતા રે.સર્વે નંબરોનું રી-સર્વે થઇ પ્રમોલગેશન થયેલ હોયતો તે વિગત ધ્યાને લેવાની રહેશે.
5. વિકાસ યોજનાનાં જે તે ઝોનમાં સમાવિષ્ટ મૂળખંડ તે જ ઝોનમાં અંતિમખંડ ફાળવવાનો રહેશે .
6. સૂચિત યોજના વિસ્તારમાં આવતી સરકારી જમીનોની ખાનગી જમીનોને જેમ સમાન ધોરણે કપાત કરી,તેની સામે સ્વતંત્ર અંતિમખંડની ફાળવણી બાબતે યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

૭. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૮/૧૧/૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક: નરચ-૧૦૨૦૧૬-૩૫૩૬(૨)-લ નું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

૮. સરકારશ્રીનાં તા.૧૩/૧૦/૨૦૨૦ નાં પત્ર પરત્વેથી અપાયેલ સૂચનાને અનુસંધાને કલમ-૧૯ હેઠળ પાઠવેલ વેરીએશન બાબતે સરકારશ્રીનો નિર્ણય આખરી તથા બંધનકર્તા રહેશે.

આ સાથે રજુ કરેલ નકશામાં સહી/સિક્કા કરી આપેલ છે.

બિડાણ - ઉપર મુજબ

મુખ્ય નગર નિયોજક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના :-

નગર નિયોજકશ્રી, શાખા કચેરી, સુરત તરફે બિડાણ સહ જાણ સારૂ.